ક્રમાંક/ક-૭/બોર્ડ/૨૦૨૬/ 1530
જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ,વડોદરા
તા. 03/0૮/૨૦૨૬
૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ.વડોદરા.

વિષય :- શૈક્ષણિક વર્ષ.૨૦૨૬-૨૭ થી ધો.૯ થી ૧૨ ના ગુજરાતી(પ્રથમ ભાષા)માં સ્વતંત્ર લેખન સુધારણા પદ્ધતિને બદલે નિયમ પદ્ધતિનો અમલ કરવા બાબત.

સંદર્ભ :- ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૬/૨૬૭૮-૨૭૧૨ તા.૩૧/૦૭/૨૦૨૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ.૨૦૨૬-૨૭ થી ધો.૯ થી ૧૨ ના ગુજરાતી(પ્રથમ ભાષા)માં સ્વતંત્ર લેખન સુધારણા પદ્ધતિને બદલે નિયમ પદ્ધતિનો અમલ કરવાનો રહેશે. તેમજ ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા ધો.૯ થી ૧૨ ના ગુજરાતી(પ્રથમ ભાષા)ના પાઠ્યપુસ્તકોમાં લેખનમાં જોડણી સુધારણા અંગેના ૩૦ નિયમોનો સમાવેશ કરવામાં આવેલ છે. સદર ૩૦ નિયમોનો અમલ કરવા આથી જણાવવામાં આવે છે. સંદર્ભદર્શિત પત્ર આ સાથે સામેલ રાખેલ છે.

બિડાણ : સંદર્ભદર્શિત પત્ર.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2026/2678-2712
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.31/07/2026

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ-2026-27થી ધોરણ-9 થી 12ના ગુજરાતી(પ્રથમ ભાષા)માં સ્વતંત્ર લેખન સુધારણા પદ્ધતિને બદલે નિયમ પદ્ધતિનો અમલ કરવા બાબત.
સંદર્ભ:- અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/2025/3531-65 તા.26/12/2025

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે ગુજરાતી(પ્રથમ ભાષા)માં સ્વતંત્ર લેખન સુધારણા પદ્ધતિને બદલે નિયમ પદ્ધતિનો શૈક્ષણિક વર્ષ-2026-27થી ધોરણ-૯ થી ૧૨ની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અમલ કરવા અંગે અત્રેના સંદર્ભ દર્શિત પત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરીને જરૂરી કાર્યવાહી સારુ મોકલી આપવામાં આવેલ છે. જે પત્ર પુનઃ આ સાથે મોકલી આપવામાં આવે છે.

ઉક્ત વિગતે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ-9 થી 12ના ગુજરાતી(પ્રથમ ભાષા)ના પાઠ્યપુસ્તકોમાં લેખનમાં જોડણી સુધારણા અંગેના 30 નિયમોનો સમાવેશ કરવામાં આવેલ છે. જે અન્વયે સંદર્ભદર્શિત પત્રમાં જણાવ્યા મુજબની વિગતો અનુસાર આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઉક્ત જોડણીના 30 નિયમોનો અમલ થાય તે અંગે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ – સંદર્ભ દર્શિત પત્ર

જિ. શિ. ... કચેરી, વડોદરા
પત્રનં 3419
1/8/26
કચેરીની સહી ....................

નકલ સવિનય રવાના :
- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

# જોડણીની 'નિયમ પદ્ધતિ'

## લેખનમાં જોડણી સુધારણા

શાળાઓમાં ભાષા-શિક્ષણના ભાગરૂપે વિદ્યાર્થીઓને સ્વતંત્ર લેખન કરાવવામાં આવે છે. તેનો હેતુ વિદ્યાર્થીઓને ભાષાશુદ્ધિ સાથે પોતાના મૌલિક વિચારોની લેખિત અભિવ્યક્તિ કરવા સક્ષમ બનાવવાનો છે. ભાષાશિક્ષણમાં આ કાર્ય અત્યંત મહત્ત્વનું છે. આ માટે શિક્ષકે સૌ પ્રથમ જે લેખન કરાવવું હોય તેના સ્વરૂપની અને વિષયની વર્ગખંડમાં પૂરી ચર્ચા કરવાની છે, તે પછી વિદ્યાર્થીએ પોતે જાતે સ્વતંત્ર રીતે પોતાના મૌલિક વિચારો શુદ્ધ ભાષામાં લખવાના હોય છે.

લેખન કાર્ય કરવા વિદ્યાર્થીએ પોતાનાં જ જ્ઞાન, અનુભવ, કલ્પના અને વિચારોનો સ્વતંત્ર રીતે ઉપયોગ કરવાનો છે. કોઈ બાહ્ય સહાય લીધા વિના પોતાના મૌલિક વિચારોનું આલેખન કરવાનું છે. આ સાચી રીત છે. આ રીતે કાર્ય થાય એટલે એવું બને કે વિદ્યાર્થીએ ખૂબ ટૂંકાણમાં લખ્યું હોય, સળંગસૂત્રતા ન જળવાઈ હોય, વિચારોનું પુનરાવર્તન કર્યું હોય, હકીકત દોષ થયા હોય કે રજૂઆત નબળી હોય... આવી ભૂલો હોય તો પણ વિદ્યાર્થીના પ્રયત્નને શિક્ષકે એકવાર આવકારવાનો છે..... તે પછી જે જે ક્ષતિઓ ધ્યાને આવે તે બાબતે સામૂહિક કે વ્યક્તિગત માર્ગદર્શન આપી ક્રમિક સુધારો કરાવવાનો છે.

પણ... જો વિદ્યાર્થીએ ક્યાંયથી સીધી નકલ કરીને સરસ લેખન કાર્ય કર્યું હોય તો તે બિલકુલ ન ચાલે અને ચલાવી પણ ન લેવાય. સ્વતંત્ર લેખનના સંદર્ભમાં શિક્ષકોએ ખાસ આ વાત સમજવી અને સ્વીકારવી પડશે.

હવે, લેખનમાં બીજી વાત સુલેખન અને શુદ્ધલેખનની છે. એમાં વિદ્યાર્થીની જ્યાં ત્રુટિ થઈ હોય ત્યાં તેનું વ્યક્તિગત ધ્યાન દોરવું જરૂરી છે.

અત્યારે આપણે ત્યાં વિદ્યાર્થીએ કરેલા લેખનની તપાસણી શુદ્ધીકરણ વાચન (Proof Reading)ની જેમ થાય છે. જે શબ્દની જોડણી ખોટી હોય તે શબ્દની સાચી જોડણી શિક્ષક હાંસિયામાં લખે છે. પછી વિદ્યાર્થી એ શુદ્ધ જોડણીવાળો શબ્દ પાંચ વખત લખી શબ્દની સાચી જોડણીનો મહાવરો કરે છે. આ પ્રક્રિયામાં વિદ્યાર્થીને જે તે એક શબ્દની જોડણી આવડે પણ આવી જોડણી કેમ થઈ તેના નિયમની સમજ મળતી નથી. ભૂલ સુધારની આ શબ્દ પદ્ધતિ ખૂબ રૂઢ અને પરંપરાગત થઈ ગઈ છે, પણ ખૂબ ચિંતનને અંતે જોડણીશુદ્ધિ માટે આવી શબ્દ પદ્ધતિને બદલે જો 'નિયમ પદ્ધતિ' નો અમલ કરવામાં આવે તો ઘણો લાભ થાય એવું અનુભવે સ્વીકૃત થતું જાય છે. જોડણીનો એક સાચો નિયમ જાણવાથી તે 'નિયમ પદ્ધતિ'ના આધારે બનતા તમામ શબ્દોની જોડણી શુદ્ધ થશે,એવું નિશંક માની શકાય. ટૂંકમાં જોડણીમાં થયેલી ભૂલોની સુધારણા નિયમની સમજથી કરાવવાની છે.

ગુજરાતી ભાષા ભાષાવિજ્ઞાનની રીતે ઘણી સમૃદ્ધ ભાષા છે. તેની જોડણી વિશેષતઃ નિયમ અનુસાર છે. જોડણીના અમુક નિયમો એવા છે કે તેની સાચી સમજ આવી જાય તો ઘણા શબ્દોની સાચી જોડણી આવડી જાય. ટૂંકમાં, વિદ્યાર્થીઓને જોડણીના નિયમોની જાણકારી આપવામાં આવે તો લાંબા ગાળે લેખનમાં ખોટી જોડણીની સમસ્યા નિવારી શકાય.

❖ જોડણીના નિયમોને નીચે મુજબ સમજીએ.

❖ ચાલો, પહેલાં જોડણી નિયમ પદ્ધતિને વ્યવહારમાં લાવવાની યોજનાને સમજીએ.

1) ગુજરાતી ભાષાના જોડણીના અમુક મહત્ત્વના નિયમો નક્કી કરીને તે નિયમો લેખનની નોટમાં શરૂઆતનાં બે ત્રણ પેજ ઉપર વિદ્યાર્થીઓને લખાવવાના છે. આ નિયમો ટૂંકમાં લખાશે પણ શિક્ષકે વિદ્યાર્થીઓને અનેક ઉદાહરણો આપીને દરેક નિયમને વિગતે સમજાવવાનો છે. નિયમમાં અપવાદ હોય તો તેવા શબ્દોની યાદી આપવાની છે. બની શકે તો અપવાદનું કારણ પણ સમજાવવાનું છે.

2) વિદ્યાર્થીનું લેખન તપાસતાં આપણે વિદ્યાર્થીએ જે શબ્દની જોડણી ખોટી લખી હોય એ શબ્દની નીચે લાલ લીટી દોરીને તે શબ્દની સાચી જોડણી હાંસિયામાં લખીએ છીએ. હવે હાંસિયામાં જે તે જોડણીના નિયમનો માત્ર નંબર જ લખવાનો છે.

3) કેટલાક નિયમોમાં અમુક શબ્દોની જોડણી અપવાદરૂપ જુદી થતી હોય છે, તો ત્યાં અપવાદ - __ લખી નિયમનો ક્રમાંક લખવાનો છે.

આમ કરવાથી વિદ્યાર્થીને ફરજિયાત જોડણીનો જે તે નિયમ વાંચવો પડશે, તે વાંચશે, સમજશે અને પોતાની રીતે સાચી જોડણી લખશે.

વારંવારના આ મહાવરાથી તેના મનમાં જોડણીના નિયમ સ્થિર થશે. હવે જ્યારે તેને કોઈપણ જગ્યાએ કોઈ શબ્દ લખવાનો હશે અને તેની જોડણીમાં દ્વિધા થશે ત્યારે તરત જ તેને નિયમ યાદ આવશે અને તે સાચી જોડણી લખી શકશે.

( લેખન તપાસણી કરનારને આ નિયમો સિવાયની જે જે ભૂલો જોવા મળે તે સંબંધી જરૂરી માર્ગદર્શક નોંધ લેખનની નોટબુકમાં જે તે સ્થળે કરવાની છે.)

• ગુજરાતી ભાષામાં હ્રસ્વ અને દીર્ઘ 'ઇ' અને 'ઉ' માં જોડણીની ભૂલો વધુ થાય છે, તેથી અત્યારે પ્રથમ તબક્કે તે સંબંધી કેટલાક નિયમો નક્કી કર્યા છે. તેની સમજ મેળવીએ...

<u>નિયમ- 1:-</u> જોડાક્ષર પહેલાંના 'ઇ' અને 'ઉ' હ્રસ્વ હોય છે.

(મૂળ શબ્દમાં આવતા જોડાક્ષરને લીધે જો આગલા અક્ષરને થડકો લાગતો હોય અને ત્યાં 'ઇ' કે 'ઉ' હોય તો તે હ્રસ્વ લખાય છે.)

દા.ત. :: દિવ્યા, શિષ્ય, શિષ્યા, શિસ્ત, જિલ્લો, ચિઠ્ઠી, ભિસ્તી, ચિત્ર, પિસ્તોલ, આદિત્ય, કિસ્મત, સિક્કો કૃષ્ણ, ગુસ્સો, જુસ્સો, મુક્કો, રુદ્ર, ગુપ્ત, ઉત્સાહ, મનુષ્ય, સમુદ્ર, હુલ્લડ

• અપવાદ:-તીવ્ર, શીઘ્ર, ગ્રીષ્મ, દીક્ષા, ભીષ્મ, ઈશ્વર, સૂક્ષ્મ, સૂત્ર, મૂલ્ય, શૂન્ય

(આગળના અક્ષરને થડકો લાગતો નથી.)

નિયમ-2 :- તીવ્ર અનુસ્વારવાળા શબ્દોમાં 'ઇ' કે 'ઉ' હ્રસ્વ આવે છે.

(અનુસ્વારની જગ્યાએ અનુનાસિક મૂકી શકાય તેને તીવ્ર અનુસ્વાર કહે છે, જે આગળના અક્ષરને થડકો આપે છે)

દા.ત.:- બિંદુ (બિન્દુ), નિંદા, ટિંબો, પિંગળ, સિંધુ, ચિંતા, જિંદગી, હિંમત, અરવિંદ, ઉંબી, ગુંજાશ, ડુંગર, સુંદર, કુંતી, મુંડન, ગુંજન,

નિયમ - 3 :-જ્યાં કોમળ અનુસ્વાર આવતી હોય ત્યાં 'ઈ' કે 'ઊ' દીર્ઘ લખાય છે.

(અનુસ્વારની જગ્યાએ અનુનાસિક મૂકી શકાતો નથી)

દા.ત.:- રીંછ, મીંડું, ઈંટ, ભીંત, વીંટી, હીંચકો, ઠીંગણું, સૂંઢ, ઊંટ, ઊંઘ, ફૂંફું, લૂંટ, ચૂંદડી, ચૂંટણી, ફૂંવાડું, ઝૂંપડી

અપવાદ :- કુંવર, કુંવારી, સુંવાળું, કુંભાર

નિયમ - 4 :-જે સ્થાનમાં ઇ + ઈ, ઉ + ઊ ... પ્રકારની સજાતીય સંધિ થતી હોય તો ત્યાં 'ઈ' અને 'ઊ' દીર્ઘ લખાય છે.

દા.ત. :- રવીન્દ્ર (રવિ + ઇન્દ્ર), હરીચ્છા, પરીક્ષા, જ્યોતીન્દ્ર, પ્રતીક્ષા, નારીશ્વર, રજનીશ

ભાનૂદય (ભાનુ + ઉદય), સૂક્તિ, સિંધૂર્મિ, ગુરૂત્તમ

નિયમ-5 :- શબ્દમાં આવતા રેફ પૂર્વેના 'ઈ' અને 'ઊ' દીર્ઘ લખાય છે.

દા.ત.:- કીર્તન, આશીર્વાદ, શીર્ષક, દીર્ઘ, તીર્થ, જીર્ણ, ઈર્ષા, પ્રકીર્ણ

સૂર્ય, ઊર્મિ, ઊર્જા, ચૂર્ણ, સ્ફૂર્તિ, પૂર્વ, પૂર્તિ, ધૂર્ત, મૂર્તિ, મુહૂર્ત, પૂર્ણિમા, સંપૂર્ણ

નિયમ - 6 :-શબ્દમાં 'ય' પહેલાંની 'ઇ' હ્રસ્વ લખાય છે.

દા.ત. :- કોડિયું, કીમિયો, ઇયળ, દરિયો, દુનિયા, રૂપિયો, ક્ષત્રિય, ઠળિયો, શિયાળો, ખાસિયત, બિયારણ,

હરિયાળી, વરિયાળી, ફરિયાદ, હોશિયાર, આંગળિયાત

નિયમ - 7:-(સંસ્કૃતના) 'ઇ' અને 'ઉ' વાળા પૂર્વ પ્રત્યયો હ્રસ્વ લખાય છે.

(નિ, નિઃ, વિ, અધિ, અતિ, અભિ,પરિ, પ્રતિ)

દા.ત.:- નિદર્શન, નિર્બળ, વિભિન્ન, અધિનિયમ, અતિવૃષ્ટિ, અભિમાન, પરિમિતિ, પ્રતિષ્ઠા

(કુ, સુ, દુઃ, અનુ, ઉદ્, ઉપ, પુનઃ, બહિઃ, પુર)

દા.ત.:- કુસંપ, સુગંધ, દુર્જન, અનુમાન, ઉદ્વેગ, ઉપનામ,પુનરાવર્તન, બહિર્ગોળ, પુરબહાર

નિયમ-8 :-શબ્દના મૂળ ધાતુને 'ઇક' અને 'ઇકા' પ્રત્યય લાગતાં બનતા શબ્દો તેમજ સ્ત્રીલિંગ નામોમાં 'ઇ' હ્રસ્વ લખાય છે.

દા.ત. :- સ્થાનિક, વાર્ષિક, નૈતિક, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, ભૌગોલિક, વૈવાહિક, વૈજ્ઞાનિક, પૌરાણિક

બાલિકા, ભૂમિકા, નવલિકા, લેખિકા, પીઠિકા, અધ્યાપિકા, અનુક્રમણિકા, નગરપાલિકા, આજીવિકા

નિયમ - 9 :-'ઇકા' પ્રત્યય લાગી બનેલા શબ્દમાં સ્ત્રીલિંગ નામોમાં 'ઇ' હ્રસ્વ

દા.ત. :- ગાયિકા, લેખિકા

નિયમ - 10 :-'ઇત' પ્રત્યય લાગી બનેલા શબ્દમાં 'ઇ' હ્રસ્વ (ગણિત, લેખિત)

નિયમ-11 :- 'ઇતા' પ્રત્યય લાગતાં બનેલા શબ્દોમાં અને સ્ત્રીલિંગ નામોમાં 'ઇ' હ્રસ્વ (અર્પ-અર્પિત – અર્પિતા, નવોદિતા)

નિયમ - 12 :-ધાતુને 'તિ' પ્રત્યય લાગી બનેલાં સ્ત્રીલિંગ ભાવવાચક નામોમાં 'ઇ' હ્રસ્વ આવે છે.

દા.ત. :- કૃતિ, મૂર્તિ, શ્રુતિ વગેરે

નિયમ-13 :- (અ) 'ઈની' પ્રત્યય લાગી બનેલાં સ્ત્રીલિંગ નામોમાં 'ઈ'હ્રસ્વ 'ની' દીર્ઘ

દા.ત.:- વિદ્યાર્થિની, યોગિની

(બ) ઈની પ્રત્યય લાગી શકતો હોય તેવા પુલિંગ નામોમાં 'ઈ' દીર્ઘ

દા.ત:- વિદ્યાર્થી, યોગી

નિયમ -14 :-સંસ્કૃત તત્સમ શબ્દના છેલ્લા 'ઇ'કારવાળા પુંલ્લિંગ નામોમાં અંત્ય 'ઇ' હ્રસ્વ લખાય છે.

દા.ત.:- મારુતિ, પતંજલિ, વાલ્મીકિ, શનિ, રવિ, કવિ, અગ્નિ

નિયમ -15 :-શબ્દોમાં 'વાળી' ના અર્થમાં 'વતી-મતી' પ્રત્યય લાગે તેમાં 'તી' દીર્ઘ લખાય છે.

દા.ત. :- કલાવતી, લીલાવતી, ભગવતી, સરસ્વતી, ગુણવતી

શ્રીમતી, બુદ્ધિમતી, તારામતી, ચારુમતી, ભાનુમતી, ઇંદુમતી

નિયમ - 16 :-'ઈય' પ્રત્યય લાગી બનેલા શબ્દની 'ઈ' દીર્ઘ લખાય છે.

દા.ત. :- ભારતીય, માનનીય, રાષ્ટ્રીય, પૂજનીય, આત્મીય, અવર્ણનીય, દર્શનીય

નિયમ-17 :- 'ઈન' કે 'ઈના' પ્રત્યય લાગતાં બનતા શબ્દની 'ઈ' દીર્ઘ લખાય છે.

દા.ત. :- નવીન, પ્રાચીન, પરાધીન, કુલીન

નિયમ- 18 :-શબ્દમાં 'ચ્વી' રૂપમાં નામના છેડે આવતી 'ઈ' દીર્ઘ લખાય છે.

દા.ત.:- સશક્તીકરણ, સ્પષ્ટીકરણ, શુદ્ધીકરણ, તુષ્ટીકરણ, અંગીકરણ, દૃઢીકરણ, વિકેન્દ્રીકરણ, વર્ગીકૃત, સ્વીકૃત, દૃઢીભૂત, ભસ્મીભૂત, વશીભૂત, વકીભવન, ઘનીભવન

નિયમ - 19 :-તત્સમ શબ્દોની જોડણી મૂળ સંસ્કૃતમાં છે તે પ્રમાણે રાખવી. (મૂળ સંસ્કૃત શબ્દો જે કોઈ બદલાવ વિના ગુજરાતીમાં વપરાય છે એ શબ્દોને તત્સમ શબ્દો કહે છે.)

દા.ત.:- ઈચ્છા, ઋષિ, અગ્નિ, મતિ, ગતિ, ભિક્ષા, ખંડિત, છેદિકા

અમૂલ્ય, ઊધ્વ, ગુરૂ, પુરૂષ

નિયમ -20 :- શબ્દને છેડે આવેલી 'ઈ' દીર્ઘ લખવી.

દા.ત.:- પહેલી, ગરમી, ગરવી, ધણી, વીંછી, ગઢવી, ગણતરી

(આપણી ગાડી સારી ચાલી.)

નિયમ - 21 :-શબ્દને છેડે આવેલો 'ઉ' હ્રસ્વ લખવો.

દા.ત.:- પહેલું, તોછડું, વહેલું

(આપણું ગાડું સારું ચાલ્યું.)

નિયમ - 22 :- શબ્દને છેડના 'ઓ' પહેલાંના 'ઈ,ઊ' દીર્ઘ

દા.ત.:- (ચીલો, નફ્ચો)

નિયમ - 23 :- 'ઈ' કે 'ઊ' વાળા એક જ અક્ષરવાળા (એકાક્ષરી) શબ્દોમાં 'ઈ' અને 'ઊ' દીર્ઘ લખાય છે.

દા.ત.:- ઘી, જી, બી, ફી, શ્રી, સ્ત્રી

જૂ, થૂ, ભૂ, રૂ, લૂ, છૂ

નિયમ - 24 :- એકાક્ષરી શબ્દોમાં 'ઉ' અનુસ્વારની સાથે આવે તો હ્રસ્વ લખાય છે.

દા.ત. :- હું, છું, શું, તું

અપવાદ :- યૂં

નિયમ - 25 :- બે અક્ષરોથી બનેલા શબ્દોમાં પ્રથમ અક્ષરમાં આવતા 'ઈ' કે 'ઊ' દીર્ઘ લખાય છે.

દા.ત.:- તીર, ખીર, બીક, ભીખ, ઝીણું

ભૂલ, ફૂલ, દૂધ, મૂળ, ચૂક, તૂત

નિયમ - 26 :- ત્રણ અક્ષરના શબ્દોમાં બીજો લઘુ હોય તો પ્રથમાંક્ષરોનાં 'ઊ, ઈ' દીર્ઘ

દા.ત.:- કૂતરો,ખીચડી

નિયમ-27 :- ત્રણ અક્ષરના શબ્દોમાં બીજો ગુરુ હોય તો પ્રથમાંક્ષરોનાં 'ઉ, ઇ' હ્રસ્વ

દા.ત. :- બિલાડી,ગુલાબ

નિયમ - 28 :-ચાર કે તેથી વધુ અક્ષરોના બનેલા શબ્દોમાં પ્રથમ અક્ષરના 'ઇ' અને 'ઉ' હ્રસ્વ લખાય છે.

દા.ત. :- ખિસકોલી, ઇમારત, પિચકારી, નિસરણી, ગિરનાર, મિજબાની, વિલાયત, હિલચાલ, ટિટિયારો, કિલકિલાટ

ઉપયોગ, સુતરાઉ, ગુલમહોર, મુસાફર, હુલામણું

- જો સમાસને કારણે શબ્દ ચાર કે વધુ અક્ષરનો બન્યો હોય તો મૂળ શબ્દની જોડણી યથાવત રાખવામાં આવે છે.

દા.ત.:- મીણબત્તી, દીવાસળી, ભૂલચૂક, શૂરવીર, કૂચકદમ, ચૂપચાપ, ફૂલછાબ, કૂદાકૂદ, મીઠાબોલું, ભૂલથાપ

નિયમ - 29 :- કર્મણિ રૂપમાં 'ઇ' – 'ઉ' હ્રસ્વ.

દા.ત.:- પી – પિવાયું , મૂક- મુકાયું

નિયમ - 30 :- પ્રેરક કે પુનઃપ્રેરક ધાતુનાં રૂપોમાં દીર્ઘ 'ઇ' કે 'ઉ' હ્રસ્વ થાય છે.

દા.ત. :- પી- પિવડાવી , મૂક – મુકાવ

------x------

- અત્યારે પ્રથમ તબક્કામાં ઉપરોક્ત 30 નિયમોથી શરૂઆત કરીએ, તેની સફળતા પછી જોડણીના બીજા નિયમોનો સમાવેશ કરીશું. વિદ્યાર્થી ગુજરાતી ભાષામાં કોઈ પણ લખાણ કરે ત્યારે તે સુલેખન અને શુદ્ધલેખન જ હોય તે આપણું લક્ષ્ય છે.